# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **દેવભૂમિ દ્વારકાથી કાનાલૂસ સુધીના રેલવે ડબલિંગને મળેલી મંજુરીથી સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં જોડાણ, ઔદ્યોગિક વિકાસ, લોજિસ્ટિક્સ અને પર્યટન વિકાસમાં વધારો થશે.**
2. **AMC દ્વારા આવનારા સમયમાં 33 નવા વાચનાલયો તૈયાર કરવાનું આયોજન – છેલ્લા છ મહિનામાં વાંચકોનો આંકડો લાખોમાં પહોંચ્યો**
3. **દિવ્યાંગ બાળકોના સશક્તિકરણ માટે આવતીકાલે રાજકોટમાં “પર્પલ ફેર યોજાશે.**
4. **યુ.જી.સી. એ સમયસર પરીક્ષાઓ યોજવા અને ડિગ્રી પ્રમાણપત્રો આપવા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને નિર્દેશ આપ્યો.**
5. **રાજ્યના 34 સ્થળોએ 1 ડિસેમ્બરે જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવ યોજાશે.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RAJKOT RAIL

કેન્દ્રીય મંત્રી મંડળે દેવભૂમિ દ્વારકાથી કાનાલૂસ સુધીના રેલવે ડબલિંગને આપેલી મંજુરીથી સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં જોડાણ, ઔદ્યોગિક વિકાસ, લોજિસ્ટિક્સ, પર્યટન વિકાસમાં વધારો થશે . આ મંજૂરી અંગે રાજકોટ ડીવીઝન રેલવે મેનેજરે આનંદ વ્યક્ત કર્યો.

## (બાઈટ – રેલવે મેનેજર)

---

# PUSTAKALAY

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવનારા સમયમાં નવા **33** વાચનાલયો તૈયાર કરવાનું આયોજન કરાયું છે

વાચનપ્રેમીઓ, પરીક્ષા કેન્દ્રિત તૈયારી કરતાં વિદ્યાર્થીઓ તેમજ સિનિયર સિટિઝન્સ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પહેલ અંતર્ગત દરેક ઝોન , વોર્ડ અને વિસ્તાર સુધી ઓછામાં ઓછું એક વાચનાલય તૈયાર કરવાનું આયોજન છે.

હાલ શહેરનાં સાત ઝોનમાં કુલ **56** વાચનાલયો કાર્યરત છે. નાગરિકોની વાંચન સુવિધાને વધુ વિસ્તૃત બનાવવા માટે કુલ **33** નવા વાચનાલયો ઊભા કરવાની યોજના અમલમાં છે. નિકોલ , રાણીપ, વસ્ત્રાલ, રખીયાલ અને નરોડા વિસ્તારોમાં નવા વાચનાલયોઓનું નિર્માણ પૂર્ણ થઈ ગયું છે અને ટૂંક સમયમાં તેમનું લોકાર્પણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે શહેરનાં તમામ વાચનાલયોની

સેવાઓ સંપૂર્ણપણે નિ:શુલ્ક છે.દરેક વાચનાલયોમાં **CCTV** અને **Wi-Fi** સુવિધા ઉપલબ્ધ કરાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે

દરમિયાન, છેલ્લા છ મહિનાના સમયમાં વાચકોની સંખ્યા લાખોમાં પહોંચી છે. એપ્રિલ **2025** થી સપ્ટેમ્બર **2025** દરમિયાન કુલ **4** લાખ **5** હજાર **589** વાચકોએ કોર્પોરેશન સંચાલિત વાચનાલયોનો લાભ લીધો છે.

---

## PARPAL FAIR

દિવ્યાંગ બાળકોના સશક્તિકરણ માટે આવતીકાલે રાજકોટમાં “પર્પલ ફેર યોજાશે.

સાંસદશ્રી પુરુષોત્તમ રૂપાલા સહિત અનેક મહાનુભાવો અને રાજકોટ જિલ્લાની દિવ્યાંગ ક્ષેત્રે કાર્ય કરતી **12** સંસ્થાઓ સહીત દિવ્યાંગ બાળકો , તેમના માતાપિતા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ મેળાનો મુખ્ય હેતુ દિવ્યાંગ બાળકો અને તેમના પરિવારજનોને સશક્ત બનાવવા, સમાજમાં જાગૃતિ ફેલાવવી અને તેમને મંચ પૂરું પાડવાનો છે. આ કાર્યક્રમમાં **170** થી વધુ વિશેષ બાળકો વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેશે અને પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરશે,. આ સાથે બાળકો માટે વિશેષ ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મેળા દરમિયાન દિવ્યાંગજન સંબંધિત માહિતી આપવા માટે વિવિધ માહિતી સ્ટોલ રહેશે, જ્યાં સરકારની યોજનાઓ , સેવાઓ અને પુનર્વસન સુવિધાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

ઉપરાંત, જનજાગૃતિ ફેલાવવા માટે વિશેષ જાગૃતિ સ્ટોલ પણ રહેશે. ઉપરાંત દિવ્યાંગ બાળકોના માતા-પિતાઓ દ્વારા ફૂડ સ્ટોલ્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેનાથી આત્મનિર્ભરતા અને સ્વરોજગારને પ્રોત્સાહન મળશે.

---

## UCG

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન- યુ.જી.સી. એ સમયસર પરીક્ષાઓ યોજવા અને ડિગ્રી અને પ્રમાણપત્રો તાત્કાલિક જારી કરવાનો ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને નિર્દેશ આપ્યો છે.

કમિશને જણાવ્યું કે, પરીક્ષાઓમાં વિલંબ થવાથી વિદ્યાર્થીઓ તકો ગુમાવે છે અને તેમને યોગ્ય અને ગુણવત્તાયુક્ત રોજગાર શોધવામાં અવરોધ આવે છે. કમિશને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ શૈક્ષણિક કેલેન્ડરમાં ઉલ્લેખિત સમયે પરીક્ષાઓ લેવા અને પરિણામો જાહેર કરવાનો હકદાર છે.

તથા વિદ્યાર્થીઓ પરિણામો જાહેર થયાના 180 દિવસની અંદર ડિગ્રી મેળવવા માટે પણ હકદાર છે. તેણે એમ પણ કહ્યું હતું કે નિયમોનું પાલન ન કરવાના કિસ્સામાં કમિશન દંડાત્મક કાર્યવાહી કરશે

---

## GITA MAHOTSAV

રાજ્યના ૩૪ સ્થળોએ 1 ડિસેમ્બરે જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવ યોજાશે.

સંસ્કૃતના પ્રચાર પ્રસાર અને સંવર્ધન માટે મુખ્યમંત્રીશ્રના નેતૃત્વમાં પંચકમ યોજનાની શરૂઆત કરાઇ છે. જે અંતર્ગત પહેલી ડિસેમ્બરે ગીતા જયંતિના દિવસે

રાજ્યમાં જિલ્લા કક્ષાઓ 34 સ્થળોએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રતિભાગીઓ ગીતાના શ્લોક અને સંસ્કૃત સુભાષિતોનું પારાયણ કરશે , ભગવદ ગીતા પર વ્યાખ્યાન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

રાજ્ય સંસ્કૃત બોર્ડની પંચકમ યોજનામાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના , સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના, સંસ્કૃત પ્રોત્સાહન યોજના, શ્રીમદ્ ભગવદ ગીતા યોજના અને શત શુભાષિત કંઠપાઠ યોજનાનો સમાવેશ થાય છે. આ પૈકી ભગવદ ગીતા યોજના અને શત સુભાષિત કંઠપાઠ યોજના અંતર્ગત પ્રતિભાગીઓને જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવશે.

---

## SARHAD OLAKHO PROGRAM

"આપણી સરહદ ઓળખો" કાર્યક્રમનો ભુજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ કચેરી ભુજ સંચાલિત આ કાર્યક્રમમાં રાજયભરના અલગ-અલગ જિલ્લામાંથી 100 જેટલા યુવક-યુવતીઓ જોડાયા છે.

આ કાર્યક્રમમાં જોડાયેલ ડૉ. જીગ્નેશ વાઘેલાએ પ્રતિક્રિયા આપતાં આ મુજબ જણાવ્યું.

**(બાઇટ - DR JIGNESH VAGHELA)**

---

# KHEL MAHAKUMBH

ખેલ મહાકુંભથી રાજ્યના રમત ગમત ક્ષેત્રનો ખૂબ વિકાસ થયો છે . તેની સફળતા અંગે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. અર્જુનસિંહ રાણા કહ્યું કે....

**Byte Dr Arjunsingh Rana,**

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની **30** તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **128**-મી કડી હશે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને મંતવ્ય ટૉલફ્રી નંબર **1800-11-7800** પર મોકલી શકશે. તેઓ નરેન્દ્ર મોદી ઍપ અથવા **MYGOV** ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે.

આ ઉપરાંત **1922** નંબર પર મિસ્ડ કૉલ કરીને અને ટૂંકી સંદેશ સેવા – **SMS**ના માધ્યમથી પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકશે. મંતવ્ય મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.

---

# TALIM AGRI

હાલોલમાં પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો.

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા મિશન ક્લસ્ટરના પસંદ કરાયેલા ખેડૂતો માટે આયોજિત આ વિશેષ તાલીમ કાર્યક્રમમાં 125 ખેડૂતોએ હાજરી આપી હતી.

કાર્યક્રમ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ મુખ્ય આયામો –જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદન અને મિશ્ર પાક પદ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તથા ખેડૂતોને સૈદ્ધાંતિક તાલીમ સાથે મોડેલ ફાર્મની મુલાકાત કરાવી પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓનું પ્રત્યક્ષ નિદર્શન આપવામાં આવ્યું.

તાલીમના અંતે ખેડૂતોને "સ્વદેશી અપનાવો" અંતર્ગત સ્વદેશી વસ્તુઓના ઉપયોગ માટે શપથ લેવડાવવામાં આવ્યો.

---

# TRAIN

રાજકોટ ડિવિઝનના લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ડબલ ટ્રેકના કાર્યના કારણે પહેલી ડિસેમ્બરથી 15 જાન્યુઆરી, 2026 સુધી રેલવે વ્યવહારને અસર થશે. જે અંતર્ગત પોરબંદર-કાનાલુસ-પોરબંદર લોકલ પહેલી ડિસેમ્બરથી લઈને 30મી ડિસેમ્બર , 2025 સુધી ગોપ જામ-કાનાલુસ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

જ્યારે ભાવનગર-ઓખા-ભાવનગર એક્સપ્રેસ પહેલી ડિસેમ્બરથી 15 જાન્યુઆરી, 2026 સુધી લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર નહીં ઊભી રહે. અને

**ઓખા-રાજકોટ-ઓખા લોકલ પણ પહેલી ડિસેમ્બરથી 15 જાન્યુઆરી, 2026 સુધી લાખાબાવળ સ્ટેશન પર ઊભી નહીં રહે.**

---

# VSR GI TAG

**કચ્છ અને સૌરાષ્ટ્રમાં યોજાનારી આગામી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ, સૌરાષ્ટ્ર અને કચ્છની હસ્તકલા અને હાથવણાટ કારીગરોની ક્ષમતાને વેગ આપશે. આ બે દિવસીય કોન્ફરન્સ , હેરિટેજ ક્ષેત્રના ઉદ્યોગસાહસિકો, કારીગરો, ઇન્ટિરિયર ડિઝાઇનર્સ અને પ્રોડક્ટ ડિઝાઇનર્સ માટે સરકારી ઇ-માર્કેટપ્લેસ , રોકાણકારો, ખાનગી સાહસો અને અગ્રણી ઇ-કોમર્સ પ્લેટફોર્મ સાથે સહયોગ કરવા માટે એક ગતિશીલ પ્લેટફોર્મ તરીકે સેવા આપશે , જે નવીનીકરણ, બજારની પહોંચ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપશે.**

**ઉલ્લેખનીય છે કે કચ્છી ખારેક અને કેસર કેરીથી લઇને હસ્તકલા અને વણાટકામના કચ્છ અને સૌરાષ્ટ્રના 10થી વધુ ઉત્પાદનોએ GI ટેગ મેળવ્યો છે . VGRC કચ્છ-સૌરાષ્ટ્ર GI ટેગ ઉત્પાદનોને પ્રમોટ કરશે અને સ્થાનિક કારીગરોને સશક્ત કરશે. નિકાસ ક્ષમતાઓમાં વધારો કરશે અને પ્રધાનમંત્રીના 'વોકલ ફોર લોકલ' વિઝનને વેગ આપશે.**

**કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારે અજરખ , બાંધણી, રોગન ક્રાફ્ટ પેઇન્ટિંગ , કચ્છી શાલ, કચ્છી ખારેક અને કેસર કેરી જેવા પ્રખ્યાત ઉત્પાદનો માટે GI ટેગ મેળવ્યા છે, જે સ્થાનિક કારીગરોનો વિકાસ કરે છે અને તેમને વૈશ્વિક ઓળખ આપે છે.**

**રાજકોટમાં યોજાનારી આગામી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ કચ્છ-**

**સૌરાષ્ટ્રના હસ્તકલા અને હાથવણાટ કારીગરોની સ્થાનિક શ્રેષ્ઠતા અને નિકાસ સંભાવનાને ઉજાગર કરવા માટે સજ્જ છે.**